૧૦૦% ચકાસણી કર્યા બાદ સ્વીકારાયેલ બાયોડેટા
ફ્રી રજીસ્ટ્રેશન
સૌથી વધુ સક્સેસ રેટ
આજે જ રજીસ્ટર કરો...
www.matrimony.asanjokutch.com
Email : matrimony@asanjokutch.com | Phone : 022-29674007/8/09

# વિવિધા

## પ્રાર્થના

હે પરમાત્મા! ઘણાં દિવસો પછી તારા દર્શને આવ્યો છું. પ્રભુ. જ્યારથી સ્કૂલે દાખલ થયો છું. ત્યારથી મારા આનંદમાં દખલ થવા લાગી છે. સ્કૂલનું એટલું બધું ભારણ મારા માથે ઝીંકી દેવામાં આવ્યું છે કે, પ્રભુ તને મળવાનો ય ટાઈમ નથી ! મારી મનગમતી ખેલકુદ અને રમવાનું પણ બંધ થઈ ગયું છે. મારા માતા-પિતાની ગોદ તો ક્યારનીય છૂટી ગઈ છે. તે લોકો પણ મને ભણ ભણ એમ કહ્યા કરે છે. પ્રભુ તને પૂછું છું કે, આ ભણવાથી મને શું મળશે ? પપ્પા કહે છે તને ડોક્ટર બનાવીશ, મમ્મી કહે છે તને મોટો એન્જીનીયર બનાવીશ, મામા કહે છે તને અમેરિકા મોકલી મોટો બિઝનેશમેન બનાવવો છે. પણ ભગવાન! મને પહેલા માણસ બનાવવાની તો કોઈ વાત જ કરતું નથી ! મારે તો પહેલા માણસ બની તારા જેવા ભગવાન બનવું છે.

પ્રભુ ! આ કંટાળાભર્યુ એજ્યુકેશન, કોલેજના રેગીંગ, સતત બોરીંગ એવા ક્લાસીસ, કેમ્પસ, પ્રોજેક્ટ અને નાટકથી હું ત્રાસી ગયો છું. પ્રભુ તને તો અહીં કોઈ યાદ જ નથી કરતું. તારી પ્રાર્થનાય કરતું નથી ! તે લોકો કહે છે, દુનિયામાં કોઈ ભગવાન બગવાન છે જ નહિં ! ખૂબ ભણો, ખૂબ કમાઓ, સીધી રીતે ન મળે તો લુંટીને પણ પૈસા કમાઓ, જે ભાવે તે ખાઓ-પીઓ, જે ગમે તે કરો, હરો-ફરો, મઝા કરો અને જીવન પુરૂં કરો. પ્રભુ મને ખૂબ ડર લાગે છે. આ લોકો મારી ઉપર ઝુલમ કરી રહ્યા છે. મને પણ હવે શંકા થવા લાગી છે કે ખરેખર તું છે કે નહિ? જવાબ આપ!

**દિનેશ ગોસર**

## વાવવું - વાપરવું - વેડફવું

આ વિષય પર મહારાજ સાહેબ શ્રી ઉદયરત્નજીના પ્રવચનનો સારાંશ વર્ણવું છું. ઉપરોક્ત ત્રણક્રિયામાં આપણે કેટલો સમય ગાળીએ છીએ ? આપણા રોજીંદા જીવનમાં પંચેન્દ્રીય દ્વારા શું કરી રહ્યા છીએ દા.ત. આંખ છે, કાન છે, મોઢું છે.

**વાવવું :** આખા દિવસ રાત દરમ્યાન - દેવદર્શન, ગુરૂદર્શન, ગુરૂવાણીનું શ્રવણ, ધર્મ વાંચન, પ્રતિક્રમણ, પ્રાર્થના, જાપ, તપ, વગેરે પાછળ કેટલો સમય આપીએ છીએ ?

**વાપરવું :** સવારના ઉઠી નિત્ય ક્રમથી પરવાર્યા બાદ બ્હેનો રસોડામાં, બાળકોને તૈયાર કરવામાં ઘરની સાફ-સફાઈ, રોજીંદી વસ્તુઓની ખરીદી વગેરે ને ભાઈઓ દુકાન, ઓફિસ અથવા નોકરી માટે ઘરેથી નિકળી આખો દિવસ મસગુલ રહે છે.

**વેડફવું :** ફોન અથવા રૂબરૂમાં પરનિંદા કરવી, ટી.વી. સિરિયલો પાછળ સમયનો ને મગજનો બગાડ, મોબાઈલ, ઈન્ટરનેટ પર અશ્લિલ મેસેજો જોવા વાંચવા, વ્યસનો ને પોષવા, બીજાને એને રવાડે ચડાવવા વગેરે.

ઉપરની ત્રણે બાબતોમાં વાપરવું જેમાં આપણે કંઈ વધુ બાંધ છોડ નથી કરી શકતા કારણ કે સંસાર ચક્રમાં છીએ એટલે સાંસારીક કાર્યો વ્યહ્વારો કરવાજ પડે છે. પણ પહેલીને ત્રીજી પ્રવૃત્તિ તો આપણાજ હાથમાં છે. આમ વિચારીએ તો વાવવા કરતાં વેડફવામાં જ આપણે આગળ છીએ. થોડો સંયમ જાળવીએ તો જે આપણે વેડફી રહ્યા છીએ એનાથી બચી શકાય. પણ આપણે તો ઈર્ષા, દેખા દેખી, દંભને હું પણામાં જ કેટલા આગળ નીકળી જઈયે છીએ કે બીજાને ઉતારી પાડતા જરાય અચકાતા નથી. પણ હવે આપણે જાગીએ ને વાવવાની તરફ આગળ વધીએ. આ મનુષ્ય ભવમાં એવા સતકાર્યો કરીએ, એવી ધર્મ આરાધના કરીએ કે આપણા આવતો ભવો સુધરી જાય. ''આ વાવણી ની વેળા થઈ વાવી લ્યો ભાઈ વાવીલ્યો ''

**'અજ્ઞાની' મહેન્દ્ર વોરા**

# Kunal Kapadia
# MUSICAL GROUP

For Details Contact :

**Jain Stavans, Dandiya, Antakshari,**
**Musical Orchestra,**
**D.J. Sound & Lagna geet (Gujrati)**

**Phone : 040-2771 0725, 98483 90698**

**C/o. National Institute of Music**
**2-2-153/3, 2nd Floor, Opp. KFC, M.G. Road,**
**Secunderabad - 500 003 (Telangana)**

(જા.ખ.)



લગ્નસરાની સાડીઓમાં
કચ્છી સમાજનું વિશ્વસનીય નામ

મિચ્છામિ દુક્કડમ્

મિચ્છામિ દુક્કડમ્

# અવસર સારીઝ

(જા.ખ.)

- સાચી તથા ટેસ્ટેડ કસબ અને જિંક કસબ સાડી અને ચણિયા ચોળી
- રિયલ તેમજ ટેસ્ટેડ ઘરચોળા
- કસબ, બટકસબ, કટ વર્ક, ફેન્સી બોર્ડર
- પાનેતર, પિક્ષવર્ક, તાર કામ સાડી
- બાંધણી, બનારસી ઉપાડા બાંધણી.... અને અનેક વેરાઈટીઝ

**વિશ્વસનીય ખરીદી માટે અવશ્ય પધારો**

ઠે. ૧, રૂપલ અપાર્ટમેન્ટ, દાદા સાહેબ ફાલકે રોડ, અરોમા હોટેલની સામે, દાદર (ઈ), મુંબઈ-૧૪. ટે. ૨૪૧૬ ૪૨૩૯

**સંપર્ક: દિનેશ દેઢિયા (નાની ખાખર) - 92234 25676**

# પ્રેમ થી પ્રેમ વધે જીવનમાં

માનવનું હૈયું પ્રેમનો પાવર હાઉસ છે. પ્રેમનો પાતાળ કુવો છે. માનવ આજે પ્રેમના પાવર હાઉસ વચ્ચે બેઠો હોવા છતાં વેરનાં અંધકાર એને ચારે બાજુથી ઘેરીને ઉભા છે.

પ્રેમના પ્રકાશનો પૂર્ણ પ્રેમી છતાં પ્રકાશથી એ દૂરને દૂર જતો હોય એમ દેખાઈ આવે છે. કારણ પાવર હાઉસને એ પીછાણી શક્યો નથી. પ્રેમ તત્વ જ એવું છે કે જેમ જેમ એ આપતા જાય તેમ તેમ એ વધતું જાય છે. પ્રેમ પોતે ફુટબોલ છે. એ કહે છે "મને તમે જગતની સામે જોરથી ફેંકો જેટલા જોરથી ને જેટલી હોંશથી તમે મને જગત સામે ધરશો એટલા જ જોશથી ને એટલીજ હોંશથી હું પાછો તમારી પાસે આવી પહોંચીશ. તમે ગભરાવ નહીં કે, તમે મને ફેંક્સો તો હું બીજાનો થઈ જઈશ, તમારો નહિં રહું. ઉપરથી હું તો તમારો જ રહીશ ને બીજાને પણ તમારો બનાવતો આવીશ.

પ્રેમના આ મૂંગા સંગીતને આપણે સંભળતા નથી ને પ્રેમનો આગાધ ધોધ જ અંતરની ભૂમીમાંથી નિકળી વિશ્વભરની ભૂમીપર વહેવા સર્જાયેલો હોય છે. એ અંદર ને અંદર રહી બંધિયાર બની જતાં સુકાઈ જઈ વિલીન બની જાય છે, ને પરિણામ એક દિવસ એવો આવે છે કે જગતભરનાં પ્રાણીને પોતાના પ્રવાહમાં પવિત્ર કરી પ્રસન્ન કરી દેવાની તાકાત ધરાવતો એ અંતરનો ધોધ સમસ્ત સંસારને નહી, સમસ્ત સંસારના દેશકે પ્રદેશને નહિં પણ માત્ર પોતાના ઘરના આડોશિ પાડોશીને પણ પવિત્ર કરી પ્રસન્ન બનાવવાની તાકાત ગુમાવી બેસે છે.

આડોશી પાડોશી તો હજી દૂરના ગણાય પણ પોતાના ઘરનાજ માનવોની જોડે જગતના બીજા કોઈ માનવો ન આવી શકે એવા જનની જનેતા કે પોતાના નાના માસુમ બાળકો માટેય એ પ્રેમધોધ નાકામ નિકળે છે.

વિશ્વ માનવોનું જ બનેલું હોય તો માનવ માનવથી દૂર થતો જાય, માનવીને ધિક્કારતો જાય, માનવ માનવને વરૂની આંખે નિહાળતો થઈ જાય તો પછી વિશ્વ નજીક આવ્યું એમ કહેવું એ ભૂલ છે.

એક રાષ્ટ્ર બીજા રાષ્ટ્રને ચુંથીનાખવા, પાછળથી ચિંતાની તરાપ મારવા તરફડે છે. એક માનવ બીજા માનવને મહાત કરવામાં જ પોતાની મહાનતા માને છે. કોઈ પણ ક્ષેત્ર લો, વ્યાપાર ક્ષેત્ર લો, શિક્ષણ ક્ષેત્ર લો, કે રાજકિય ક્ષેત્ર લો કોઈ આમાંથી બાકાત નથી. એક વેપારી બીજા વેપારીની ચડતી જાુવે છે ને એની આંખો ફાટી જાય છે. આ બધું કેમ બને છે?

આ બધું ઉભુ કરનાર જગતને પોતાની ભેદી નાગચુડની ભીંસમાં લેનાર એક કાળો કાળભૈરવ છે. જેનું નામ **"ક્રોધ"**, જે દુશ્મનાવટ ઉભી કરે છે. દુશ્મનાવટ વેરને વિરોધની જનેતા બને છે. વેરને-વિરોધ હૈયાને વિખુટા પાડે છે. વિખુટા પડેલા હૈયામાં ઈર્ષ્યા ઉભરાય છે જે માનવના હૈયાને સળગાવી મુક્તી હોય છે. માનવ માનવ વચ્ચે વિરોધ ઉભો કરનાર હોય તો આ ક્રોધ છે. વિશ્વ વચ્ચે આંતર કલહ ઉભો કરનાર આ ક્રોધ છે જે હુતાશન છે.

એક મોઢે વિશ્વ મૈત્રી રાખવાની વાતો કરનારું વિશ્વ બીજા મોઢે અણુબોમ્બ બનાવવો કે નહીં એવી વિચારણા કરે છે. વિશ્વ મૈત્રીની રાખ નીચે વિશ્વ યુદ્ધનાં અંગારા ધખી રહ્યા છે એ વાતની ખબર તો વિશ્વને ત્યારે જ પડશે જ્યારે અંગારામાંથી આગની જ્વાલાઓ જ્યારે ભટકી ઉઠસે, લોકો ત્રાહય ત્રાહ્ય પોકારી ઉઠસે. શાંતિ માટે તરફડી ઉઠસેને એ વખતે પ્રભુ મહાવીરે આપેલા ક્ષમાનો સંદેશો વિશ્વભરને યાદ ભગવાન મહાવીરનાં મિત્તીમેસવ્વભૂવેસુના સિદ્ધાંત આંખ સામે લાવી શિક્ષા આપનાર શત્રુને પણ ક્ષમા આપવાનું બળ મેળવી શકશે.

વેરનો બદલો વેરથી લેતાં તો પશુને પણ આવડે છે. માનવમાંજ એ સમજણ છે કે વેરનો બદલો વેરથી નહિં પણ પ્રેમથી લેવા ધારે તો એ લઈ શકે. ક્રોધની ધરતી જો આપાર છે તો ક્ષમાની ધરતી એને પેલે પાર છે. પ્રેમતો ક્ષમાની ધરતી ઉપર ઉગી નીકળતી પુષ્પવેલ છે. શત્રુની શત્રુતા ભૂલી જાવ, શત્રુ ને મિત્ર માની વધાવીલો, અંતરથી ભેટી પડો. વિશ્વમાં બધાજ મારા મિત્ર છે, બધાને હું ચાંહુ છું, બધા મને ચાહે છે. આખું વિશ્વ મિત્રોથી ભરેલું છે. સર્વત્ર પ્રેમ છે. એટમ બોમ્બની વિસ્ફોટિક તાકાતથી ક્ષમાની વિસ્ફોટિક તાકાત વિશ્વમાં શાંતિ ફેલાવી દે છે.

**- જયાબેન મગનલાલ મારૂ**



# R.S. BANDHANI HOUSE

**કચ્છની કલામય બાંધણીઓ હૈદરાબાદમાં**

કચ્છની બાંધણીઓનો ખજાનો પ્યોર સિલ્ક, ગંજીસિલ્ક, ઈટાલિયન ક્રેપ, જોરજટ ઈટાલિયન સામો તથા બનારસીમાં ઝીણા બંધેજ અને મીનાકારીમાં આકર્ષક અવનવી બાંધણીઓ, રીયલમાં ઘરચોળા તથા શ્રીમંત પ્રસંગ માટે ગ્રીન કલરમાં વિવિધ બાંધણીઓ, રંગબેરંગી ચણિયાચોળી અને અદ્યતન નવા પંજાબી ડ્રેસ મટેરિયલ, બેડશીટો તથા અન્ય આકર્ષક વેરાયટીઓ હોલસેલ ભાવે રીટેલમાં મળશે.

**નવલબેન મહેન્દ્રકુમાર ભોગીલાલ ધરમશી**

૩-૨-૩૫૭/૧, ૧લે માળે, લાલબહાદુર હાઈસ્કુલની બાજુમાં, નિમ્બોલિ અડ્ડા,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૨૭. ફોન. ૨૪૬૦ ૦૮૧૦, ૨૪૬૫ ૫૬૨૨.

(જા. ખ. H-2750)

Upto **20%** Discount on Medicines on M.R.P.

**Special Extra Discount on H.I.V., Cancer, Kidney Medicines & Injections**

**ALL GENUINE MEDICINES ONLY**

**Goel Distributors**

4-4-234/1, Ground Floor, Inderbagh, Kothi, Hyderabad
Vikas Agarwal 9246190997, 65764301, 6999 3773

(જા.ખ.)

# પરભવનું ભાથું

કચ્છનું એક ગામડું, પરોઢીયે જંધર (ઘંટી) ફેરવી લોટ દળાય છે. ત્યાં બારણે ટકોરા પડ્યા, ડોશીમાએ છોકરાને કહ્યું બારણું ખોલ, આગંતુ કે આવી ડોશીમાને કહ્યું, આ થેલી પુંજાભાઈએ મોકલી છે, ડોશીમાએ કહ્યું ત્યાં બાજુમાં મૂકી દે, થેલી મૂકી આગંતુક ચાલ્યો ગયો, લોટ દળવાનું કાર્ય પૂર્ણ કરી પરવાર્યા એટલે અન્ય કામકાજ હાથમાં લીધું. ડોશીમાંનું કોઈ સગું કે વ્હાલું મુંબઈમાં નહિં. ઉપર આભ અને નીચે ધરતી. કુંટુંબમાં પોતે અને એક પુત્ર, અને એક પુત્રી. કામમાંથી પરવાર્યા, થેલી હાથમાં લીધી. થેલી ખોલતાં ધ્રાસ્કો પડ્યો. કારણ, થેલીમાં પાંચીયા (પાંચકોરી) ભર્યાતા. ચોક્કસ આ થેલી શરત્‌ચૂકથી મારે ત્યાં આવી ગઈ લાગે છે. ડોશીમાંએ થેલી સાથે દોટ મૂકી. આવ્યા પુંજાભાઈને ઘેર. પુંજાભાઈને ડોશીમાએ કહ્યું "પુંજા"ભા, આ થેલી શરતચૂકથી મારે ત્યાં આવી ગઈ લાગે છે. કારણ કે મને કોરી મોકલનાર તો કોઈ છેજ નહિ. પુંજાભાઈએ કહ્યું, 'ખેતબાઈ', એ થેલી તમારી જ છે. એમાં કોઈ શરત ચુક થઈ નથી અને થેલી મેં પોતે મોકલી છે.

પુંજાભાઈએ વાતનો મર્મ સમજાવતાં કહ્યું. 'ખેતબાઈ, આ કોરીઓ તમારા ભાગ (હિસ્સા) ની છે. મેં ધંધો કર્યો ત્યારે તમારા જેવા અનેક લોકોના ભાગ રાખ્યા હતા' તો ધંધામાં જે નફો થયો તે સૌના ભાગ (હિસ્સા)નું જે કાંઈ ઉપાર્જને થયું તે સૌને ઘરે મોકલી આપ્યું છે.'

આ વાત છે, કચ્છ-કોડાય ગામની. આ ગામમાં પુંજાભાઈ આસુભાઈ રહેતા, પુંજાભાઈએ પ્રભુને પ્રાર્થના કરી કે જે દિવસે હું લખપતી થાઉં તે દિ' થી ધંધો નહિ કરૂં.

કચ્છ કોડાયથી ઉપડ્યા, પહોંચ્યા બર્મા (બ્રહ્મદેશ). રંગુન પહોંચી નોકરીએ રહ્યા, હીરજી ઘેલાભાઈ દુર્ગાપુર, વાલાની પેઢીમાં હીરજીભાઈનો ચોખાનો ધીકતો ધંધો, પુંજાભાઈ મન પરોવી કામ કરે છે. ઝીણવટભરી નજર. હીરજીભાઈ ક્લા પારખુ હતા, તેઓએ પુંજાભાઈને ભાગીદારીમાં લીધા. ધંધો ધમધોકાર ચાલે છે. રોજ સરવૈયા મૂકાય છે. એક દી' મુનીમજીએ કહ્યું, પુંજાભાઈ તમે લખપતી થયા. પુંજાભાઈએ કહ્યું હોય નહિં. મુનીમજીએ સરવૈયું બતાવ્યું જેમાં આકંડો લાખને ઓળંગી ગયો હતો. લાખ ઉપરની વધારાની રકમ અલગ કરી એક પણ ક્ષણનો વિલંબ કર્યા વગર પુંજાભાઈએ ભાગીદારીમાંથી છૂટા થવા સંબંધી હીરજીભાઈને સંબોધી પત્ર લખ્યો.

હીરજીભાઈ પેઢીએ આવ્યા, ટેબલ પર પત્ર જોયો, ઉપાડીને વાંચ્યો. હીરજીભાઈએ પુંજાભાઈને બોલાવ્યા અને કહ્યું. "ભાગીદારીમાંથી છૂટા થવાનું કારણ?" પુંજાભાઈએ કહ્યું "કોઈને વચન આપ્યું હોય તો પાળવો જોઈએ કે નહિં?" હીરજીભાઈ વચન પાળવા સંમત થયા, પુંજાભાઈએ કહ્યું, "મેં પ્રભુ સમક્ષ પ્રાર્થના કરી હતી, કે જે દિવસે હું લખપતી થઈસ તે દી' થી ધંધો નહિં કરૂં. બોલો આ વચન પાળવો કે કેમ?"

બન્નેની આંખમાં જળઝળીયા (આસું) આવ્યા, પુંજાભાઈએ કહ્યું "જે દી મારા લાયક કામ હોય ત્યારે તેડાવજો મહેનતાણું નહિં, માત્ર ગાડી ભાડું લઈશ."

પુંજાભાઈ બર્માથી મુંબઈ પહોંચ્યા, મુંબઈ પહોંચી એક લીસ્ટ તૈયાર કર્યું. તેમાં ગામના જે લોકો જરૂરીયાતમંદ સ્થિતિના હતા તેવા લોકોના નામે ધંધો કરવો. એમાં જે નફો મળે તે તમામ રકમ સૌના ભાગે આપી - વહેંચી દેવી. રૂા. ૫૦,૦૦૦/- લઈ પહોંચ્યા શેર બજારમાં. ત્યાં દશા જ્ઞાતિના એક ભાઈ શેર દલાલ. શેર દલાલે પુંજાભાઈને કહ્યું "ભાઈ જલ્દીથી ઘરે પહોંચી જા નહિંતર ક્યાંક લૂંટાઈ જઈશ."

પુંજાભાઈએ વાતનો ફોડ પાડી કહ્યું, રૂા. ૫૦,૦૦૦/- અમુક જરૂરીયાતમંદ સ્થિતિના લોકો માટે મૂકી રોકાણ કરવું છે.

શેર દલાલ વાત પામી ગયા, શેર દલાલ ભાઈએ કહ્યું "પુંજાભાઈ તમારું સરનામું મને આપી જાઓ. યોગ્ય વેળાએ હું સામેથી બોલાવી લઈશ." સમય આવ્યે શેર દલાલ ભાઈએ પુંજાભાઈને તેડાવ્યા, રૂા. ૧૦ના ભાવના શેરમાં રૂા. ૫૦,૦૦૦/- કલકત્તાની એક જ્યુટ કંપનીમાં રોક્યા, દિવસો પસાર થાય છે. બીજા વિશ્વ યુદ્ધની દુંદભી વાગી. શેરના ભાવ ઉંચકાયા, ૧ શેરના ભાવ રૂા. ૧૩૫ થયા શેર દલાલ ભાઈએ આ તકનો લાભ લેવા પુંજાભાઈને તેડાવ્યા. પુંજાભાઈને કહ્યું હમણાં શેર વેચવાથી ફાયદો થશે. એમના ગળે વાત ઉતરી



દરેક પ્રકારના લાઇફ તથા જનરલ વીમા માટે સંપર્ક કરો :

**લક્ષ્મીચંદ કેનિયા** M.A. MDRT (USA)

ઓફિસ : ૪-૪-૨૨૮, ઇન્દ્રબાગ, સુલતાન બજાર, હૈદરાબાદ - ૫૦૦ ૦૯૫.

નિવાસ : ફ્લેટ નં. ૧૦૭-૧૦૮, શ્યામ એન્કલેવ, આર્ય સમાજ મંદિરની સામે, બડી ચાવડી, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦ ૦૯૫. ફોન. (નિ.) ૬૪૫૬૨૭૫૪ (મો.) ૯૮૪૯૬ ૪૭૨૫૯

(જા.ખ.)



FOR ALL YOUR COMPUTER WORK

- ❖ SOFTWARE INSTALLATION
- ❖ TROUBLE SHOOTING
- ❖ VIRUS CLEANING ETC.
- ❖ NEW COMPUTER SALES & PURCHASE

**Contact : DEVESH - 94407 23277**

(જા.ખ.)

***For Rental.....　For Rental.....　For Rental.....***

*Ready to Occupy*

*3 Bed Room Flat for Rent Fully Furnished.*

At Flat No. 5, 3-5-121/E/1, Kalpataru Apartment, Eden Bagh, Ramkote, Hyderabad.

Contact : **DILIP P. MEHTA**, 92900 30454, 98852 59001

(જા.ખ.)

***जब भी स्वादिष्ट, शुद्ध मिठाई खाने का मन चाहेगा***

***आप सबके लबपे सिर्फ एक ही नाम आयेगा***

# ...हरपल मिठास... हरपल मिठास...

# ...हरपल मिठास...

હરપલ મિઠાસ લઈને આવે છે. દેશી મિઠાઈયો, ચાલો, ખાઓ તાજા થાઓ ખાઈ હરપલ મિઠાઈયો.

હરપલ મિઠાઈમાં આવે છે મોહનથાર, ફિણિયા લાડુ, મગ દળિયા, ગુંદરપાક અને મિની સાટા પ્રાપ્ત કરવા સમ્પર્ક કરો.

(જા.ખ.)

***Rupal H. Savla***

*Arihant Basera, Flat No. 102, Kachiguda, Hyderabad.*

**Phone : 8106459594**

- શેર વેચાંવ્યા. શેરની આવેલી રકમ લઈ ઉપડ્યા કચ્છ. કચ્છમાં કચ્છનું ચલણ. બધો વહીવટ કચ્છી ચલણમાં થાય. તાંબીઓ, દોકડો, ઢીંગલો, ઢબુ, પાયલો, આધીયો, કોરી, પાંચીયો.

હુંડીયામણનો જમાનો, રોજ વધઘટ થાય. રૂા. ૧૦૦ ની ૬૦૦ કોરીનો ભાવ બોલાય. પુંજાભાઈએ નફાની આવેલ તમામ રકમનાં ગાડું ભરીને પાંચીયા લીધા. પોતાના લીસ્ટમાં લખેલ તમામને ઘરે પાંચીયા ભરેલી થેલી મોકલી આપી. એમાં રજમાત્ર નફાનો હિસ્સો પોતે લીધો નહિં. આવા હતા કચ્છ કોડાયના પુંજાભાઈ આસુભાઈ. પુંજાભાઈ એટલે કરકસરવાળો માણસ છતાં પોતાના જીવન કાળ દરમ્યાન એ જમાનામાં રૂા. ૧૦ લાખની સખાવત કરી હતી, ક્રાંતિકારી વિચારના પણ ખરા. ખોટા આડંબરનાં સખત વિરોધી. નોંધ : ‘‘ખેતભાઈ’’ એ રામજી ચાંપશી સાવલાના માતુશ્રી હતા.

NITIN GALA, Cell : 99630 10657 || શ્રી || શ્યામ [illegible] SUNITA GALA, Cell : 94408 70343

Sri Ridhi Sidhi Snacks & Khakras (જ્ઞા.પ્ર.)

Specialist in : TAMOTO STICKS, SEZWAN STICKS, ALL TYPES OF SEV, GHATIYA, CHEWDA, BHAKHARWADI.
All Varieties of : SADA KHAKRAS, DIET KHAKRA, MOBILE KHAKRA, SPECIAL MASALA, CHORA PHARI, NACHNI ETC.,

NEW ARRIVAL : PALAK CONE, BANANA SEV, BANANA STICK,
SUMMER SEASON : MANGOES, AFOOS, RATNAGIRI, DEVGAD ONLY.

*4-1-10, C/3-24, Pragati Society, Opp. Wesley Church, Tilak Road, Hyderabad - 500 001.*

**BULK ORDER - FREE HOME DELIVERY**

## *"House Wife"*

હા હું એક House Wife છું
વહેલી ઉઠીને મોડી સુવું છું
સવારથી સાંજ બધુ manage કરૂં છું.
રસોડામાં Cook છું.
કોઈ વાર Driver પણ બની જાઉં છું.
સમાજમાં કુટુંબની Re-presentative છું.
પતિ સાથે પ્રેમીકા અને Better Half છું.
પરિવારમાં બધાની Best Friend છું.
સ્કુલની મીટીંગમાં Perfect Parent છું.
તો પણ એક સવાલ હમેશાં ખટકે છે કે
તારે ઘરમાં કામ શું હોય છે.
તું તો ફક્ત એક House Wife છે.
અને હું હસતાં હસંતા કહુ છું કે સાચી વાત
હું તો ફક્તને ફક્ત એક **"HOUSE WIFE"** છું

સંકલન : **ચંદન હરીશ હરીયા**

## કબ્જીયાતનો સરળ ઈલાજ

આજે મોટા ભાગના ગુજરાતીઓને કબજીયાત કાયમ રહે છે. સવારના પેટ બરાબર સાફ ન થતા શરીરમાં અસુખ તેમજ અશક્તિ જણાય છે અને કોઈ કામ કરવામાં મન નથી લાગતું. એક વૃદ્ધ અનુભવી વૈદ્યે વર્ષો પહેલા, પેટ સાફ રહે તેવી ફાકી બનાવવા માટેની રીસીપી બતાવેલ. તે ફાકીની રીસીપી અને બનાવવાની સરળ રીત નીચે મુજબ છે.

(૧) સોનમુખીના પત્તા ૧૦૦ ગ્રામ (હૈદ્રાબાદમાં અફઝલગંજ પાસે મુન્નાલાલ દવા સાઝમાં આ પત્તા મળે) (૨) સાકર - ૧૦૦ ગ્રામ (૩) કાચી વરિયાળી ૧૦૦ ગ્રામ

**બનાવવાની રીત :** સોનમુખીના પત્તામાંથી ડાંખળીઓ, કચરો ઈત્યાદી સાફ કરી એક કે બે દિવસ તડકામાં સુકાવવા જેથી પત્તા સુક્કા થઈ જાય. ત્યારબાદ તે પત્તા, સાકર, કાચી સાફ કરેલી વરિયાળીને મીક્સીમાં ગ્રાઈન્ડ/મીક્સ કરી દયો. લ્યો થઈ ગઈ ફાકી તૈયાર. રાતના સુતી વખતે જરૂરત મુજબ ૧ ચમચી ફાકી પાણી સાથે લેવાની, આથી સવારે પેટ સાફ રહેશે. બાકી તમારી જરૂરત મુજબ ફાકીની માત્રા ઓછીવત્તી કરશો. ફાકીમાં સાકર અને વરિયાળી હોવાથી પેટમાં ઠંડક પણ રહેશે.

**રંજન શાહ**

## મિચ્છામિ દુક્કડમ્ : આપણને માફી માગતાં આવડે છે ?

કોઈ તમારી માફી માગે ત્યારે તમારે શું કરવાનું હોય? એમને માફ કરવાના હોય. એમને સધિયારો આપવાનો હોય કે હશે, જે થયું તે થઈ ગયું. વાત જ એવી હતી. તમારી ક્ષમા હું સ્વીકારું છું.

'મિચ્છામિ દુક્કડમ્'ના ઉત્તરરૂપે જ્યાં સુધી ધર્મપુરૂષો એવો કોઈ શબ્દ પ્રયોગ ન શોધી કાઢે ત્યાં સુધી તમે કહી શકો છો કે 'ના, ના, એવું બોલવાની જરૂર નથી', ડોન્ટ મેન્શન અથવા તો 'અરે ભાઈ, હું તો ક્યારનો એ બનાવ ભૂલી ગયો છું, તમે પણ ભૂલી જાઓ.' અથવા પછી 'હા, તમને મેં હૃદયપૂર્વક ક્ષમા આપી. તમે પણ એવો કોઈ ખટકો તમારા દિલમાં નહીં રાખતા.'

માફી માગવી તો વ્યક્તિગત રીતે માગવી, સાગમટે ન મગાય. એક માફીની ફોટો કોપીઝ કાઢીને બધામાં નહીં વહેંચવાની. કોઈએ મોકલેલી 'મિચ્છામિ દુક્કડમ્' ની પોસ્ટ બીજા કોઈને ફૉરવર્ડ નહીં કરવાની. પ્રેમ, પ્રાર્થના, અને ભોજન જેટલી જ પર્સનલ વસ્તુ છે ક્ષમા. એની અભિવ્યક્તિ અંગત હોય - બે જણ વચ્ચે અને ક્ષમા માગવી જ હોય તો એ રીતે માગવાની કે સામેવાળી વ્યક્તિને તમારી ભાવના બરાબર પહોંચે કે તમે શું કામ ક્ષમા માગી રહ્યા છો. 'મિચ્છામિ દુક્કડમ્' ના લાગણીભર્યાં પવિત્ર શબ્દોને લુખ્ખી રીતે ઉતાવળે કે કોઈ સંદર્ભ વિના ઉચારીને આપણે ક્ષમાપના પર્વની ગરિમાને હાનિ પહોંચાડીએ છીએ.

ગળે ઉતરે તો આજથી જ આ વાત અમલમાં મૂકજો. ખરા હૃદયથી, વિગતવાર માગેલી ક્ષમા પછી તમારા દિલનો ભાર હળવો થઈ જશે અને સામેની વ્યક્તિની નજરમાં તમારા માટેનો ઘટેલો આદર પુનઃસ્થાપિત થઈ જશે.

બાકી તો, ચૉઈસ તમારી છે. બેસતા વર્ષે જેને ને તેને 'સાલ મુબારક' 'સાલ મુબારક' કહ્યા કરો એ જ રીતે જેને ને તેને ''મિચ્છામિ દુક્કડમ્' મિચ્છામિ દુક્કડમ્ ની લહાણી કર્યા કરો. નિરાંતે અને વિગતે વ્યક્ત થયા વિનાની તમારી નવા વર્ષની શુભેચ્છાઓની કે ક્ષમાપનાની લાગણી બીજાઓ સુધી ક્યારેય પહોંચવાની નથી અને પહોંચતી નથી. એટલે એ લાગણીઓની કોરી અભિવ્યક્તિ પછી પણ તમારું જીવન એવું ને એવું રહે છે - **કોરુંધાકોર**

સંકલન : **પંકજ વલ્લભજી સાવલા**

---

## વધુમા વધુ ચિંતા..... લેખન સ્પર્ધા

પ્રત્યેક વ્યક્તિ ઈચ્છતી હોય છે કે મારે પ્રસન્ન રહેવું છે. ખુશહાલ રહેવું છે પણ જીવન સાથે વળગેલી ચિંતા એને બેહાલ કરી દે છે. ચિંતા વિનાનું જે ચિત્ત છે, મન છે એનું નામ જ પ્રસન્નતા છે પણ ચિંતાનું વળગણ પ્રસન્નતાને ગળી જાય છે. સવારે ઉઠ્યા ત્યારથી તમારી એક ક્ષણ એવી નહીં જતી હોય કે તમને કોઈ ચિંતા ના હોય.

અગર આપણે એક એવી સ્પર્ધા ગોઠવીએ જેને જેટલી, જેવી ચિંતા હોય તે તમે લખો અને જે વધુમાં વધુ ચિંતા લખશે તેને બમ્પર ઈનામ આપવામા આવશે. તો સાચું કહો કે તમારા કેટલા પાના ભરાય ? મને લાગે છે કે તમે સો પાના લખો તો પણ ઓછા પડે.

**ખુશાલ લોડાયા**




# ITS A QUIZ TIME

..?! ..?! ..?! ..?!

Ramesh M. Shah

## Answer to the last month's quiz

**A) Give one word which fulfills both the fololowing meanings :**

1) Pencil Brand & Lord of Dance - NATRAJ
2) Birth Sign in English & a type of disease - CANCER
3) Name of a Soap Brand & a Musical Instrument - SANTOOR
4) A car Brand & Lord Ram's Bhakt - MARUTHI
5) Name of a Fruit & Name of a Shoe Polish - KIWI
6) Mobile brand & a Fruit Name - APPLE
7) Name of a bulb Company & Source of energy - SURYA
8) A shoe company & underground train - METRO
9) Watch Brand & Resident of a Country - CITIZEN
10) Mineral Water company & a Mountain range - HIMALAYA
11) Name of a bird & a beer brand - KINGFISHER

B) Your friends car number is of 4 digits. The friend has given following clues and challenged you to find our his car number-

- 4th digit is double of 1st digit.
- 2nd & 3rd digit is same number
- The double of first two digits is last 2 digits. What is the car number ?

The Number is - 4998

Names of persons who have given correct answers of Last Month's Quiz : - Jyoti Laxmichand Nagda, Neesha Harish Gala, Raksha Tushar Taunk, Yashita Jayesh Dedhia, Susheela Damji Savla, Nirali K. Shah, Kumud M. Shah, Hemina Chetan Lodaya, Komal K. Gala, Harsha Vilas Gala, Aarya Vishal Patel, Jitika Jayesh Patel, Veena K. Gosar, Bharati Dharod, Monali Uday Chheda, Femi Gada, Kalpana Dilip Mehta, Jinal M. Shah, Chandan H. Haria.

## Quiz of the Month

**A) Here are 15 Items of day to day use but spellings are Jumbled. Correct the spellings and give your answer -**

1) LIBNGDSIU
2) EVETLESNIOI
3) MIET
4) BOILME
5) ISHTR
6) AGDRNE
7) SOLHOC
8) SJDMAI
9) TSERE
10) YCLECS
11) NEPLCI
12) ODOSR
13) THGLI
14) SGLAS
15) OWILPL

**B) Here is the list showing the months and a number for each**

- January 7110
- February 826
- March 5313
- April 541
- May 3513
- June 4610
- July 4710
- August 681
- November = ?

**Decipher the Logic and find the number for November**

**The names of the persons giving correct answers by 30-9-2014 will be published in the next issue of NIYAPO. You can send in your written reply**


# CHEMISTRY COACHING

**OFFERED FOR IPE, EAMCET, AIIMS, JIPMER, JEE-MAINS**

**CONTACT BETWEEN 5 TO 8 P.M.**

**CHEM - POINT PH : 040-23222624, 9290430337**

(જા.ખ.)

## WONDERFUL DEFINATIONS

- SCHOOL
  A place where Parents pay Childrens play.
- LIFE INSURANCE
  A contract that keeps you poor all your life so that you can die rich.
- NURSE
  A person wokes you up to give you sleeping pills.
- MARRIAGE
  Its an agreement in which, a man looses his bachelor degree & a women gets her masters.
- TEAR
  The hydraulic force by which masculine will power is defeated by feminine waterpower.
- CONFIDENCE
  The confusion of one man multiplied by the number present.
- FATHER
  A banker provided by Nature.
- CRIMINAL
  A person no different from the rest... except that he/she got caught.
- BOSS
  Someone who is early when you are late and late when you are early.
- POLITICIAN
  One who shakes your hand before elections and your confidence thereafter.
- DOCTOR
  A person who holds your ills by pills & kills you by bills.

## FIVE NICE LITTLE STORIES

1) Once all villagers decided to pray for rain. On the day of the prayer all the people gathered but only one boy came with an umbrella.

"THAT'S FAITH"

2) When you through a baby in the air, she laughs because she know you will catch her.

"THAT'S TRUST"

3) Every night we go to bed without any assurance of being alive the next morning but still we set the dreams to wake us.

"THAT'S HOPE"

4) We plan big things for tomorrow in spite of zero knowledge of the future.

"THAT'S CONFIDENCE"

5) We see the world suffering. But we still get married.

"THAT'S OVER CONFIDENCE"

## WHAT MOBILE HAS TAUGHT US

- What ever makes you happy
  SAVE IT
- What ever makes others happy -
  FORWARD IT
- Whatever will make no one happy -
  DELETE IT

## INTRODUCTION OF MODERN DAY FAMILY

A Sardarji was introducing his family members :

- Yeh meri Biwi hai, Google Kaur - Ek sawal poochho tho das jawab deti hai.
- Yeh mera Beta hai, Face book singh - Ghar ki baat sare colony tak pahunchata hai.
- Yeh meri Beti hai, Twitter Kaur - Puri colony isko follow karti hai.
- Aur mein hoon - Orkut Singh. Mujhe to koi puchta hi nahin.

Contributed by - Ramesh M. Shah

શુભ ॥ અનંત ચૌવિશી જીન નમો ॥ લાભ



# શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ (Regd.)

(માતુશ્રી વિમળાબેન મગનલાલ ભેદા પરિવાર)

૩-૪-૨૧૫/એ, આર.કે. કૉમપ્લેક્સ, બેન્ક ઓફ ઈન્ડીયાની ઉપર,

કાચીગુડા, હૈદરાબાદ ૫૦૦ ૦૨૭. ફોન : ૦૪૦-૬૬૩૬ ૨૫૪૫, ૨૭૫૬ ૨૫૪૫

સંચાલક : **હંસકુમાર રાયચંદ સાયલા** ફોન. ૯૨૪૬૫૩૨૫૪૫

પ્રચાર સંયોજક : **રિદ્ધીશ રમેશ જાગીરદાર** ફોન. ૯૮૯૯૯૮૮૯૯૯

દર મહિનાના પહેલા રવિવારે કાચીગુડાથી શ્રી કુલપાકજી તીર્થ યાત્રા માટે એક બસની વ્યવસ્થા છે. નકરો વ્યક્તિ દીઠ રૂ. ૫૦/- માત્ર.

દર મહિનાના ત્રીજા રવિવારે કાચીગુડા સ્ટેશનથી રેલ્વે દ્વારા શ્રી મેડચલ તીર્થ યાત્રાનો આયોજન છે. આ યાત્રા શ્રી સંઘ તરફથી કરાવવામાં આવે છે. સંઘપતીનો નકરો રૂા. ૨૧૦૦/- માત્ર છે. જાન્યુઆરી ૨૦૧૫ સુધી સંઘપતી નોંધાઈ ગયા છે. આપશ્રીને સંઘપતી બનાવાનો ભાવ હોય તો લાભ લેવા સંચાલક નો સંપર્ક કરશો.

## મિચ્છામી દુક્કડમ્

અમારા માનવતાં ભાવિક યાત્રીકોને જેમને આયોજનના અગવડ સગવડ ને સહિષ્ણુતાપૂર્વક ઝીલી લિધેલ. શ્રી સંઘના સનિષ્ઠ કાર્યકર્તાઓને જેમને શ્રી સંઘ ના પ્રત્યેક કાર્યને પોતાનુ વ્યક્તિગત સમજી સફલ બનાવેલ. શ્રી સંઘના પ્રત્યેક આયોજનના લાભાર્થી દાનવીરોને જેમને હર હમેશા દાનની ગંગા બહાવી અને શ્રીસંઘના કાયમી સંઘપતી પરિવારજનનોને જેમને શ્રી સંઘ ની સંપૂર્ણ જવાબદારી ખુબીથી નિભાવી રહ્યા છે. નગરત્રયમાં ચાતુર્માસાર્થે વિરાજીત સર્વે સાધુ સંતોને તથા ધર્મ આરાધકોને "મિચ્છામી દુક્કડમ્".

## સન્માન સમારોહ

પ.પૂ. મુનિરાજ ગુણવલ્લભસાગરજી મ.સા. ના શબ્દોમાં સમસ્ત દુનિયાના જૈન શાસનના ઈતિહાસમાં પ્રથમ વાર નગરત્રયમાં વિરાજીત પરિવાર જનોમાં જેમને પણ દિક્ષા અંગીકાર કરેલ હશે તેમના માતા-પિતાનુ સન્માન શનિવાર તારીખ ૬ સેપ્ટેમ્બર ૨૦૧૪ ના રાતના ૯ વાગ્યથી શ્રી શાંતિનાથ જીનેશ્વરધામ મંદિર કાચીગુડા માં જ્યોતિષાચાર્ય પ.પૂ. ગુરૂદેવ શ્રી સર્વોદયસાગરજી મ.સા. ની પાવન નિશ્રામાં રાખવામાં આવેલ એને જેનો લાભ શ્રી કુલપાકજી તીર્થયાત્રી સંઘ ના કાયમી સંઘપતી પરિવાર માતુશ્રી દેવયાનીબેન કલ્યાણજી રામજી રવજી સોજપાલ ગાલા પરિવાર મોટા લાયજા હાલ મુંબઈ તરફથી કરવામાં આવેલ. શ્રીફલ, હાર, ચાંદીનો સિક્કો, રૂ.૧૦૦૦/- રોકડ નું કવર તથા ટ્રાવેલીંગ સુટકેસ જેમા વિવધ વસ્તુઓ હતી (આશરે રૂ. ૩૦૦૦/- થી રૂ. ૩૫૦૦/- કીમત ની) ટોટલ વીસ પરિવારનુ સન્માન કરવામાં આવેલ. પ્રત્યેક પરિવારની વિવિધ વિશેષ્ટતા હતી. આજ થી ૭૦વર્ષ પહેલા હૈદરાબાદ માં પ્રથમ દિક્ષા અંગીકાર કરેલ તેલુગુ પરિવારના વડીલનો પણ સમાવેશ થાય છે.

કાયમી સંઘપતીના પ્રતિનિધિ રૂપે માતુશ્રી દેવકાબેન વિરચંદ નરશી લોડાયા જાગીરદાર પરિવારની હાજરી ઉલ્લેખનીય હતી.

# ચૈત્ય પરિપાટી

ચૈત્ય પરિપાટીના આયોજનને જાહેરત થતાજ જોત જોતામાં બે બસના (૧૦૦ યાત્રીકોની) બુકીંગ આવી ગયી. જીનેશ્વરધામ થી કોઠી મંદિર, નવકારશી શ્રી વાસૂપૂજ્ય સ્વામી જૈન મંદિર ચૈતન્યપુરીમાં, બપોરનુ જમણ શ્રી કુલપાકજી તીર્થમાં તથા સાંજનો ચૌવિહાર મેડચલ તીર્થમાં થયેલ. મેડચલ તીર્થમાં મંદિર તરફથી સંચાલક નુ ભવ્ય સન્માન થએલ તથા યાત્રીકોના ગેટ-ટુ ગેધરમાં સંચાલકે શ્રી સંઘના પરિચયનું આલેખ આપેલ. કાર્યક્રમના સહાયક લાભાર્થી ના નાતે નિચે મુજબ પરિવારજનોનું ઉલ્લેખ ભુલી ન શકાય. ૧) શ્રી પ્રતીક હિરાલાલ ગાલા ૨) શ્રીમતી હંસાબેન સુભાષભાઈ મહેતા ૩) શ્રી ચંદ્રકાંતભાઈ નાગરદાસ શાહ ૪) શ્રીમતી વિમળાબેન મગનલાલ ભેદા (હસ્તે ભાવેશ ભેદા) ૫) માતુશ્રી લક્ષ્મીબેન પ્રેમજી છેડા (હસ્તે શ્રી રતીલાલભાઈ છેડા) ૬) શ્રી ચીમનલાલ લાલજી ગાલા ૭) શ્રી ભરતભાઈ પદમશી મોતા ૮) માતુશ્રી કેસરબેન ધારશી સાવલા (હસ્તે હરખચંદભાઈ સાવલા) ૯) શ્રી વાડીલાલ મોહનલાલ ખરગાંધી ૧૦) માતુશ્રી શાંતાબેન હિરજી કાનજી ગોસર (હસ્તે સુરેશભાઈ ગોસર) ૧૧) માતુશ્રી સોનબાઈ મુલજી મોમાયા (હસ્તે હિરેનભાઈ) ૧૨) શ્રીમતી ભારતીબેન ચંદ્રકાંત નાગડા ૧૩) શ્રીમતી કાન્તાબેન પ્રફુલ દંડ ૧૪) માસ્ટર આગમ જીતેન્દ્રભાઈ દામજી સાવલા.

નવકારશીના લાભાર્થી માતુશ્રી પ્યારીબાઈ મોહનલાલ ખરગાંધી (હસ્તે શ્રી કાંતીલાલજી ખરગાંધી) હતા. યાત્રીક ભાતાના લાભાર્થી શ્રીમતી જ્યોતિબેન મહેન્દ્ર મોતા હતા. શ્રી સંઘના પ્રત્યેક પ્રવૃતિઓમાં શ્રીસંઘના કાયમી સંઘપતી પરિવારનુ સિંહનું ફાળુ હોય છે.



સંપૂર્ણ ચાતુર્માસ દરમ્યાન સવારના વ્યાખ્યાનમાં સંઘપૂજન શ્રી સંઘના કાયમી સંઘપતી તરફથી કરવામાં આવે છે. દર રવિવારે શ્રી ભોમીયાજી દાદાને ચઢાવવામાં આવેલ સુખડીમાં આપનો અમુલ્ય ફાળો સંચાલ હંસકુમાર સાયલા ને નોંધાવી પુણ્યોપાર્જન કરવા ભાવભર્યુ આમંત્રણ છે.

સર્વે લાભાર્થીઓની ભૂરી ભૂરી અનુમોદના...



*કાયમી સંઘપતિ તથા વિજ્ઞાપન સૌજન્ય :*

**માતુશ્રી દેવયાનીબેન કલ્યાણજી રામજી રવજી સોજપાર ગાલા,**

ગામ મોટા લાયજા-કચ્છ, હાલ મુંબઈ

હસ્તે શ્રીમતિ મમતાબેન (તારાબેન) ભુપેન્દ્ર કલ્યાણજી ગાલા મુમુક્ષુ પરિવારના જયજિનેન્દ્ર (હુ.મ.)